# આડેધડ પાર્કિંગે નગરના બે મુખ્ય માર્ગો પર ટ્રાફિક જામ કર્યો : સે-૧૭ના રસ્તાઓ બંધ કર્યા

## સે-૧૭ના રહીશોના આંગણામાં પાર્કિંગ કરાતાં રહીશોને બહાર નિકળવાનું પણ મુશ્કેલ બન્યુ : માર્ગો બંધ કરવાના મુદ્દે તંત્રનું ભેદી મૌન

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં યોજાયેલ ઈન્ડો પ્લાસ્ટ પ્રદર્શનને લઈ પાટનગરવાસીઓ ભારે હાલાકીમાં મુકાઈ જવા પામ્યા હતા. ટ્રાફિક જામ તેમજ આડેધડ પાર્કિંગને લઈ કચેરીનો રસ્તો બંધ થઈ જાય તે માટે ફાયરના કર્મચારીઓને દોરડું બાંધી અને રસ્તો ખુલ્લો રહે તે માટે આખો દિવસ મહેનત કરવી પડી હતી.

સ્વચ્છતા મિશનની વાતો અહિં ધાંધિયા જેવી પુરવાર થઈ હતી. મુલાકાતીઓ જયાંનેત્યાં ગંદકી કરતા નજરે પડયા હતા એટલું જ નહિ સ્વચ્છતા જાળવવા માટેના કોઈ જ પગલાં આયોજકો દ્વારા લેવામાં આવ્યા હોય તેવું જણાતું ન હતું.


(તસવીર : દિપક જાની)





સેકટર-૧૭ અને આસપાસની સારકારી કચેરીના કર્મચારીઓ પણ મુશ્કેલીમાં મુકાયા હતા.

ગાંધીનગર સે-૧૭માં યોજાયેલ આ પ્રદર્શનામાં આડેધડ પાર્કિંગ સેકટરોના વસાહતીઓના આંગણા સુધી કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સે-૧૭માં જવાના માર્ગો અને બહાર ઘ રોડ પર નીકળવાનો માર્ગ તેમજ ટાઉનહોલ જવાનો માર્ગ પણ બંધ કરી દેવામાં આવ્યો હતો. જિલ્લા તંત્રએ આ અંગે કોઈ જ પ્રકારનું જાહેરનામુ પણ પ્રસિદ્ધ કર્યુ નથી પરિણામે ફરજીયાત લોકોને બે કિ.મી. ફરી અને ઓફિસોમાં જવાની ફરજ પડી હતી.

ગાંધીનગરના આંગણે યોજાયેલ આ મેગા એકઝીબીશનને પગલે પંચાયતના કર્મચારીઓને ઓફિસમાં જવાની તેમજ પંચાયતના વાહનો પાર્ક કરવાના પ્રશ્નો ઉભા થયા હતા. ફાયર બ્રિગેડની

ઘ રોડ અન ચ રોડ પર આડેધડ પાર્કિંગને કારણે ઓફિસો શરૂ થવાના સમયે અને સાંજે છુટતી વેળાએ તો ટ્રાફિક એવો જામ થઈ ગયો હતો કે ટ્રાફિક પોલીસને દોડવું પડયું હતું.

ગાંધીનગરમાં ટ્રાફિક પોલીસે કોઈજ દંડનીય કાર્યવાહી કેમ ના કરી? તેવા અણિયાલા સવાલો લોકજીભે સાંભળવા મળ્યા હતા. સરકારે મંજૂરી આપતાં પહેલાં જિલ્લા તંત્રને વિશ્વાસમાં લીધું હતું કે નહિ? આડેધડ પાર્કિંગની મંજૂરી કોને આપી? ગાંધીનગરમાં અવ્યવસ્થાનું અંધેર રાજ ચાલે છે કે શું? જેવી વાતો લોકજીભે ચર્ચાના મુદ્દા બન્યા હતા.


(તસવીર : દિપક જાની)

વિક્રમ ટ્રાફીક - ગાંધીનગરના ઈતિહાસમાં પ્રથમ વખત આવી તસવીર નિર્માણ પામી... પાંચમી ફેબ્રુઆરી ને ગુરૂવારે સવારે ૧૦ થી ૧૧-૩૦ દરમિયાન ગાંધીનગરમાં ચ-માર્ગ અને ઘ-માર્ગ વાહનોથી છલકાયો હતો... સચિવાલયના દરવાજેથી લાગેલી કતાર ઈન્દ્રોડા સર્કલથી આગળ પૂરી થતી હતી અને ઈન્દ્રોડા સર્કલથી સરગાસણ ચોકડી સુધીનો માર્ગ પણ જામપેક હતો. પ્લાસ્ટ ઈન્ડિયા એકઝીબિશનના પગલે હજ્જારો ઉધોગકારો અને પ્રદર્શનકારીઓ ગાંધીનગરમાં ઉમટ્યા હતા. સવારે ઓફીસ ટાઈમ અને સ્કૂલ-કૉલેજ ટાઈમની સાથે સાથે પ્રદર્શનના પ્રારંભનો સમય પણ જોડાતા ચ-માર્ગ અને ઘ-માર્ગ પર હજ્જારો વાહનો ખડકાયા હતા. ગાંધીનગરના માર્ગો પર આવો ટ્રાફીક જામ કદાચ ૪૯ વર્ષમાં પ્રથમવાર જોવા મળ્યો હતો.

# ગાંધીનગરમાં ધીમા પગલે ઉનાળાની શરૂઆત

## લઘુત્તમ તાપમાન ૧૪-૧૫ ડિગ્રી સુધી પહોંચતા ઠંડીમાં રાહત મળી

ગાંધીનગર, તા.૫

વસંતપંચમી બાદ ધીમે ધીમે વાતાવરણમાં બદલાવ આવવા માંડયો છે. છેલ્લા બે મહિનાથી હાડ થીજવતી ઠંડી અને સુસવાટા મારતા પવનોથી હેરાન થતા વસાહતીઓને હવે ઠંડીમાં રાહત મળતી લાગી રહી છે. ધીમા પગલે ઉનાળાનું આગમન થતું હોય તેવું ફુલગુલાબી વાતાવરણ હાલમાં અનુભવાઈ રહ્યુ છે.

ઉનાળાની હવે શરુઆત થઈ રહી છે. વસંતપંચમી બાદ ધીમે ધીમે વાતાવરણમાં બદલાવ આવી રહ્યો છે. વાતાવરણ ધીમે ધીમે હુંફાળુ થઈ રહ્યું છે. ઠંડો પવન પણ વહે ઓછો થઈ ગયો છે. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૨૭થી ૩૦ ડિગ્રીની વચ્ચે રહે છે. જેના કારણે દિવસ દરમિયાન પંખા ચાલુ કરવા પડે તેવી સ્થિતિ છે. કચેરીઓમાં પંખા ચાલુ થઈ ગયા છે. તડકો પણ આકરો લાગવા માંડયો છે. દિવસ દરમિયાન હવે ગરમ વસ્ત્રો પહેરવાની જરુરીયાત રહેતી નથી. ગૃહિણીઓએ ગરમ વસ્ત્રો, જેકેટ ધોઈને કબાટમાં મુકવાની શરૂઆત કરી દીધી છે. રાત્રે અને વહેલી સવારે વાતાવરણમાં થોડીક ઠંડક અનુભવાય છે. જો કે હવે લઘુત્તમ તાપમાન પણ ધીમે ધીમે વધવા માંડયુ છે. હજુ ગયા અઠવાડિયે ૨૦ ડિગ્રીની નીચે રહેતું લઘુત્તમ તાપમાન ધીમે ધીમે ઉંચે જવા માંડયુ છે. અને હવે ૧૫ ડિગ્રીની નજીક પહોંચી ગયું છે. હવે શિવરાત્રી બાદ ઠંડી એકદમ જ ગાયબ થઈ જશે અને ગરમી લાગવા માંડશે તેવું લાગી રહ્યું છે.

# ડાયાબીટીસ અને આંખના રોગનો અનોખો સર્વે

## આરોગ્ય કમિશ્નરેટ દ્વારા હાથ ધરાયેલો પાયલોટ પ્રોજેક્ટ, ત્રણ તબક્કામાં સર્વેલન્સ

ગાંધીનગર, તા. ૫

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા ગાંધીનગર, મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં ડાયાબીટીસ અને આંખનો રોગને લઈ એક અનોખો સર્વે પાયલોટ પ્રોજેક્ટ તરીકે હાથ ધરવામાં આવ્યો છે.

ત્રણ તબક્કામાં આ સર્વેનું કામ પૂર્ણ કરવામાં આવશે. આ ત્રણેય જિલ્લાઓમાં પ્રથમ તબક્કામાં ડાયાબીટીસ સાથે આંખની તકલીફોથી પીડાતા દર્દીઓને શોધવામાં આવી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં ૮ લાખ જેટલા લોકોને સર્વેમાં આવરીલેવાયા છે. આગામી એકાદ સપ્તાહમાં આ સર્વે પૂર્ણ થતાં આખુ ચિત્ર બહાર આવશે.

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આવા દર્દીઓ શોધી કઢાયા બાદ તેમની યાદી જે તે પ્રા. આ. કેન્દ્રના મેડીકલ ઓફિસરને સુપ્રત કરવામાં આવશે. જ્યાં આંખના રોગોના નિષ્ણાત દ્વારા આવા દર્દીઓને તપાસવામાં આવશે.

ત્રીજા અને અંતિમ તબક્કામાં ડાયાબીટીસથી પિડાતા અને આંખોના રોગનો ભોગ બનેલા દર્દીઓને સારવાર માટે જિલ્લા કક્ષાએ લાવવામાં આવશે અને સઘન સારવાર કરાશે. આ માટે સેવાભાવી સંસ્થાઓની પણ મદદ લેવામાં આવશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અત્યારે પ્રથમ ગ્રામ્ય વિસ્તારની વસ્તીમાં સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે.

જ્યારે શહેરી વિસ્તારમાં આવુ સર્વેલન્સ એકાદ સપ્તાહ બાદ હાથ ધરવામાં આવશે. આશા બહેનો દ્વારા આ સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે. ગ્લુકોમીટરની મદદથી ૨૪ વર્ષથી વધુ વયના દર્દીઓની ડાયાબીટીસની તપાસ કરવામાં આવી રહી છે.




# સ્વાઈન ફ્લૂ

**રોગના લક્ષણો**

- શરદી, ખાંસી અને ગળામાં દુઃખાવો, ભારે તાવ.
- શરીર તુટવું અને નબળાઈ.
- ઝાડા કે ઝાડા-ઉલ્ટી થવા.
- શ્વાસ ચઢવો જેવા ન્યુમોનિયાના લક્ષણો જણાય.

**રોગથી બચવા માટેના ઉપાય**

- ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળો.
- ઉધરસ, છીંક વેળા મોઢું અને નાક ઢાંકો.
- હસ્તધૂનન ને બદલે "નમસ્કાર" ની મુદ્રાથી અભિવાદન કરો.
- હાથ સાબુ અને પાણીથી વારંવાર ધુઓ.
- ખુબ પાણી પીઓ, પૌષ્ટીક આહાર અને પુરતી ઉંઘ લો.

વિના મુલ્યે નિદાન, દવા અને તમામ સારવાર માટે સરકારી આરોગ્ય કેન્દ્ર, હોસ્પીટલનો સંપર્ક કરો.

**તાત્કાલીક સારવાર, સૌની સલામતી**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત દ્વારા જનહિતાર્થે


# જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૨૪મીએ મળશે

## સમિતિઓની પુનઃ રચનાનો મુદ્દો બેઠકમાં સૌથી વધુ છવાયેલો રહેશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૨૪મી ફેબ્રુઆરીએ બપોરે ૩.૦૦ વાગે મળશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલના અધ્યક્ષપદે મળનારી આ સામાન્ય સભામાં સમિતિઓની રચનાનો મુદ્દો હાથ ધરવામાં આવશે. ખાસ કરીને કારોબારી સમિતિ જે કોંગ્રેસ હસ્તક છે તે પણ આ નવી રચનામાં ભાજપ કબ્જે કરશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયતનું બજેટ માર્ચમાં મળનારી બીજી બેઠકમાં રજુ કરવામાં આવશે અને તેમાં માત્ર બજેટ પર જ કામગીરી કરાશે.

આ સામાન્ય સભાના એજન્ડાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ બેઠકમાં સમિતિઓની મળેલ બેઠકો તેમજ થયેલ વિવિધ કામગીરીને બહાલી આપવામાં આવશે. સામાન્ય સભા બજેટ વિના બોલાવવાની વાતને લઈ રાજકીય માહોલ ગરમાયો છે. જો કે કોંગ્રેસ બહુ વિરોધ કરવાના મૂડમાં નથી પરંતુ સત્તાધારી પક્ષને ભીડવવા માટે અલગથી વ્યુહરચના તૈયાર કરી રહ્યાનું જાણવા મળેલ છે.

# ઉદ્‌ઘાટનના શમિયાણાની છત પવનની લહેરથી લટકી પડી

## મંડપ ઉપરના ભાગેથી તુટી જતા ખલેલ ઉભી થઈ

ગાંધીનગર, તા. ૫

પ્લાસ્ટ ઈન્ડિયા-૨૦૧૫ના ઉદ્‌ઘાટન પ્રસંગે સૂસવાટા મારતા પવનના લીધે મંડપ ફાટી જતા કાર્યક્રમમાં ખલેલ ઉભી થઈ હતી. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં મંચ પરથી મહાનુભાવો સંબોધન કરતા હતા તે વેળાએ મંચની સામેના ભાગમાં અચાનક ઉપરના ભાગેથી શામિયાણાની છત પવનની લહેરથી લબડી પડી હતી. જેના લીધે મંચની આગળ બિરાજમાન વિદેશી મહાનુભાવો સહીત મંચસ્થ મહાનુભાવોનુ પણ તે તરફ ધ્યાન ખેંચાયું હતું. પવનના સૂસવાટા સાથે શામિયાણાની ઉપરના ભાગનો મંડપ સાવ ખુલ્લો થઈ ગયો હતો.

મીડીયા કર્મીઓને માટે પણ ખલેલ ઉભી થઈ હતી. મંચસ્થ મહાનુભાવોની હાજરીમાં લટકતા શમિયાણાને યોગ્ય કરવાનો પ્રયાસ કરાયો હતો પરંતુ આમ શક્ય ન બનતા આખરે ચાલુ કાર્યક્રમ દરમિયાન જ લટકતા મંડપના કાપડને ખેંચી ખુલ્લુ કરી દેવાયું હતુ.

# ભાજપ ૧૧મીએ સમર્પણ દિન તરીકે ઉજવશે

અમદાવાદ, તા. ૫

ભાજપ પ્રદેશ પ્રવકતા આઈ.કે.જાડેજાએ જણાવ્યું હતું કે, આગામી તા.૧૧ ફેબ્રુઆરીએ પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીના નિર્માણ દિનને સમગ્ર રાજયમાં પ્રદેશ ભાજપ દ્વારા સમર્પણ દિન તરીકે મનાવવામાં આવશે.સમર્પણ દિનની વિગતો આપતા જાડેજાએ જણાવ્યું હતું કે, ભાજપાના માર્ગદર્શક અને ચિંતક પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના નિર્વાણદિને રાજયના તમામ જીલ્લા-મહાનગર મથકોએ ભાજપા દ્વા પુષ્પાંજલિ, વકતવ્ય અને સેવાકાર્યો એમ ત્રણ કાર્યક્રમો યોજાશે.

દરેક જીલ્લા-મહાનગર મથકોએ મંડળથી લઈને પ્રદેશ સુધીના સક્રિય કાર્યકર્તાઓ, મોરચા-સેલના પદાધિકારીઓ, સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડેલા ભાજપાના કાર્યકર્તાઓ, વિધાનસભા અને લોકસભાના સભ્યો સહિત સહકારી ક્ષેત્રના આગેવાનોની ઉપસ્થિતિમાં સમર્પણ દિનનો કાર્યક્રમ યોજાશે.


**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
Kisan
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com